# તમારા અધિકારો જાણો

## તૈયાર થાઓ:

- ખાતરી કરો કે બધા મહત્ત્વપૂર્ણ દસ્તાવેજો સલામત સ્થળે છે જ્યાં પરિવારના સભ્યો તેમને ઍક્સેસ કરી શકે છે.
- જો તમને અથવા પરિવારના સભ્યને ઇમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (Immigration and Customs Enforcement, ICE) દ્વારા અટકાયતમાં લેવામાં આવે છે, તો તમારા બાળકો માટે સંભાળ રાખનારની ઓળખ સહિત, પરિવાર સાથે યોજના બનાવો.
- મહત્ત્વપૂર્ણ ફોન નંબરો યાદ રાખો.
- ઇમિગ્રેશન વકીલ સાથે પરામર્શ કરવાનું ધ્યાનમાં લો.

## તમારી પાસે અધિકારો છે:

- તમને મૌન રહેવાનો અને વકીલનો સંપર્ક કરવાનો અધિકાર છે.
- તમને યોગ્ય પ્રક્રિયા કરવાનો અને ન્યાયાધીશ સમક્ષ તમારા કેસની સુનાવણી કરવાનો અધિકાર છે.
- જ્યાં સુધી ICE પાસે ધરપકડ વૉરંટ (કાઢી મૂકવાનો ઑર્ડર નહીં, વગેરે) ન હોય ત્યાં સુધી તમને તમારી અથવા તમારા ઘરની તલાશી લેવા માટે ના કહેવાનો અધિકાર છે. તમારી સંમતિ અથવા સંભવિત કારણ વિના એજન્ટોને તમારી અથવા તમારા સામાનની તપાસ કરવાનો અધિકાર નથી.
- તમને ICEને જતા રહેવાનું કહેવાનો અધિકાર છે.

## જો તમે ICEસાથે વાતચીત કરો છો:

- તો કોઈપણ માહિતી માંગ્યા વિના આપશો નહીં.
- તમારે તમારી ઇમિગ્રેશન સ્થિતિ અથવા જન્મ સ્થળ પ્રદાન કરવાની જરૂર નથી.
- જો ICE તમારી પરવાનગી, સંભવિત કારણ અથવા વૉરંટ વિના તમારા ઘરમાં પ્રવેશ કરે છે, તો સ્પષ્ટપણે જણાવો કે તમે તેમને તમારા ઘરમાં પ્રવેશવાની અથવા સામાનની તલાશી લેવાની મંજૂરી આપતા નથી.
- નકલી નામ સહિત કોઈપણ ખોટા અથવા કપટપૂર્ણ દસ્તાવેજોને રજૂ કરશો નહીં અથવા જૂઠું બોલશો નહીં.
- વકીલ સાથે વાત કર્યા વિના તમારે કોઈપણ દસ્તાવેજ પર સહી કરવાની કોઈ જવાબદારી નથી. એવા દસ્તાવેજ પર સહી કરશો નહીં જે તમે સમજી શકતા નથી.
- જો તમે સલામત અનુભવો છો, તો તમારા ફોનનો ઉપયોગ કરીને ઇવેન્ટને રેકોર્ડ કરો (વીડિયો અથવા ઑડિયો રેકોર્ડિંગ દ્વારા).
- જો ICE તમારા ઘર અથવા કાર્યસ્થળે આવે છે, તો તમે દરવાજો ખોલતા પહેલાં વૉરંટ જોવા માટે કહો.

---

કાનૂની અસ્વીકરણ: આ દસ્તાવેજ ફક્ત સામાન્ય માહિતીના હેતુઓ માટે છે. તેના સમાવિષ્ટો કાનૂની સલાહ નથી.

U.S. CONGRESSMAN
ROB MENENDEZ
Proudly serving New Jersey's 8th District